ઇસનપુર પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન નં. ૦૭૯- ૨૫૪૩૦૧૮૦
Email.ID-polstn-isanpur-ahd@gujarat.gov.in

# PRESS NOTE

## ઇસનપુર પોલીસ સ્ટેશન

## ગુમ થયેલ તેર વર્ષના બાળકને ગણતરીના કલાકમા શોધી કાઢી તેના વાલીને સોપતી ઇસનપુર પોલીસ

આજરોજ તા.૩૦/૦૧/૨૦૨૦ ના રોજ રાતના અઢી વાગે એક ઇસમ નામે ભાનુભાઇ ગેંદાલભાઇ બારીયા ઉ.વ ૩૧ રહે.પાણીના ટાંકા પાસે સમ્રાટનગર સ્મતી મંદિર વટવા અમદાવાદ મુળવતન ગામ-રાજપુર તા-ઝાલોદ જી-દાહોદ નાઓએ આવી જાહેર કરેલ કે પોતાના દિકરા સતીષ ઉ.વ ૧૩ નાને ગઇ તા ૨૯/૦૧/૨૦૨૦ ના બપોરના સાડા અગિયાર વાગ્યાની આસપાસ પોતાના પિતાએ ઝાલોદ તાલુકા પંચાયત પાસેથી ધુધસ-ઝાલોદ થી અમદાવાદ-બાવળા જતી બસમા મકાઇના બાચકો લઇને અમદાવાદ આવવા માટે બેસાડેલ અને પોતાના પિતાજીએ બસમા બેસાડેલ હોવાની જાણ કરતા પોતે સાંજના સાડા ચાર વાગે ઇસનપુર ચાર રસ્તા ખાતે બસની રાહ જોઇને ઉભા હતા પરંતુ બસમાથી પોતાનો દિકરો ઉતરેલ નહી અને બસમા તપાસ કરતા મકાઇનુ બાચકુ મળી આવેલ જેથી પોતાનો દિકરો બીજા કોઇ સ્ટોપેજ ઉપર ઉતરી ગયેલ હશે તેમ માની પોતાના દિકરાની તપાસ કરતા તે મળી આવેલ નહી વિગેરે જાહેરાત કરતા તેઓની ફરીયાદ લઇ ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૧૧૪ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુનો દાખલ કરી આ ગુમ થયેલ બાળકને શોધી કાઢવા સારૂ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબે સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓને સર્વેલન્સ સ્કોડની જુદી-જુદી ટીમો બનાવી જુદીજુદી દિશાઓમા તપાસ કરી ગુમ થયેલ બાળકને શોધી કાઢવાની સુચના આપતા તેઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓએ સર્વેલન્સ સ્કોડના માણસોની જુદીજુદી ટીમો પાડી ગુમ થયેલ બાળકના ફોટા સાથે ઇસનપુરથી રીંગ રોડ સુધીમા તપાસ કરતા આજરોજ સવારના ઓઢવ રીંગરોડ ખાતેથી સદરી બાળક મળી આવતા બાળકનો કબ્જો તેના વાલીને હેમખેમ સોપી સારી કામગીરી કરેલ છે આ કામગીરી કરવામા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ તથા સ્ટાફ સામેલ હતા તા ૩૦/૦૧/૨૦૨૦

